।। सुभाषितशतकम् ।।

स्वर्णिम गुजरात
१९६० -२०१०

।। सुभाषितशतकम् ।।
।। सुभाषितशतकम् ।।
।। सुभाषितशतकम् ।।
।। सुभाषितशतकम् ।।
।। सुभाषितशतकम् ।।
।। सुभाषितशतकम् ।।
।। सुभाषितशतकम् ।।

- डो. नरेन्द्र पण्ड्या

श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी
वेरावलम् - गुजरातम्

BVP- 516
6/9/16

10/24

708

॥ सुभाषितशतकम् ॥

प्रेरणास्रोतांसि एवं मार्गदर्शकाः

श्रीकुलपतिवर्याः

प्रॉ. पङ्कज एल. जानीजीमहाभागाः

लेखकः

डॉ. नरेन्द्रकुमार एल. पण्ड्या

प्रकाशनम्

श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी-वेरावलम्

जूनागढजनपदम्, गुजरातम् - ३६२ २६६.

दूरभाषः - ०२८७६ - २४४५२८, २९, ३२ फेक्स : २४४४१७

e-mail : sssu.veraval@gmail.com,

www.shreesomnathsanskrituniversity.info

प्रकाशकः -

डॉ. विष्णुः पुरोहितः
कुलसचिवः
श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी-वेरावलम्
युनिवर्सिटी रोड, वेरावलम् - ३६२ २६५
जुनागढजनपदम् (गुजरात)

प्रथमं संस्करणम् - फरवरी , २०१३
ISBN -13 978-81-925721-8-5

प्रतयः - ३००

मूल्यम् - रु. ५०/-

मुद्रकः -

एच. के ओफसेट, वेरावलम्

॥ पुरोवाक् ॥

द्राक्षा म्लानमुखी जाता शर्करा चाश्मतां गता।
सुभाषितरसं दृष्ट्वा सुधा भीता दिवं गता॥

अमृतमपि सुभाषितरसात् विभेति। उतोच्यते 'रसो वै सः' वेदान्तपरिभाषायाम्। 'रसात्मकं वाक्यं काव्यम्' इति काव्यलक्षणन्यायेन समुत्पन्नानि, अर्थसौरभं वहन्ति भावमकरन्दवाहीनि सुभाषितकुसुमानि सरलसंस्कृतभाषया स्वत्रन्तकाव्यत्वेन महतः विचारान् प्रकटीकुर्वन्ति।

जीवने जलस्य अन्नस्य च यथा आयश्यकता तथा सुभाषितस्यापि। जीवनं सद्विचारैः उन्नतं कर्तुं सभाषितरत्नम् आवश्यकमेव। सुभाषितशतकेऽपि निरूपिताः श्लोकाः नानाविधविचारान् उपदेशान् च प्रवाहयन्ति। समाजस्य प्रतिबिम्बं संवहत् साहित्यमिदं लोकबोधाय, लोकशिक्षणाय, लोकमनो रञ्जनाय च उपकारकं स्यात् इति आशास्महे॥

डॉ. नरेन्द्रकुमार एल. पण्ड्या
आचार्यः
श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटीसञ्चालित
संस्कृतकोलेज, वेरावलम्।

।। शुभाशंसनम् ।।

विद्यायाः प्रकाशनं बहुविधं भवति। कदाचित् अध्यापनेन, कदाचित् अध्ययनेन, कदाचित् प्रवचनेन च। परन्तु उपर्युक्ताः प्रकाशनमार्गाः अपेक्षितविद्याप्रकाशनं न कुर्वन्ति यावद्ग्रन्थप्रकाशनं विद्याप्रकाशनं जने–जने करोति। अत एवोक्तम् "पुस्तकी भवति पण्डितः"। अर्थात् यस्य पार्श्वे पुस्तकानि बहूनि विविधानि च भवन्ति स पण्डितो भवति। श्रीसोमनाथसंस्कृत-विश्वविद्यालयः एकत्र तु संस्कृतभाषायाः प्रचारप्रसारक्षेत्रे समर्पितकालो वर्तते तदाऽन्यत्र नूतनसाहित्यसर्जनां कारयितुं तस्याश्च प्रकाशनं कारयितुं दत्तावधानोऽस्ति। अस्मिन्नेव शुभे पुण्ये च सन्दर्भे **'स्वर्णिमगुजरातजयन्ती'**-अवसरे तथा बेङ्गलूरुनगरे आयोजितायां **'विश्वसंस्कृतपुस्तकमेलायां'** श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयः बहूनां ग्रन्थानां प्रकाशनं करोति। साम्प्रतकाले नूतनानां सुभाषितानां निर्माणं लोकबोधाय मनोरञ्जनाय च आवश्यकम्। तदर्थं महता परिश्रमेण **डॉ. नरेन्द्रकुमार एल. पण्ड्यामहोदयेन** अयं **'सुभाषितशतकं'** ग्रन्थः लिखितः। मन्ये अयं ग्रन्थः संस्कृतज्ञानां संस्कृतानुरागिणां च कृते महते उपकाराय भविष्यति। अस्य ग्रन्थस्य प्रसाराय अहं शुभाशंसनं प्रकटीकरोमि।

।। जयतु सोमनाथः जयतु संस्कृतम् ।।

प्रो. पङ्कज एल. जानी

कुलपतिः

धनं न श्रेष्ठं मनुजा यदि धर्मविवर्जितम्।
अल्पं धर्मार्जितं द्रव्यं प्रह्लाददयति देहिनम् ॥ ६ ॥

હે મનુષ્યો ! જો ધન ધર્મમાર્ગથી કમાયેલ ન હોય તો તે ધન શ્રેષ્ઠ નથી. થોડું પણ ધર્મથી કમાયેલું ધન માણસ ને પ્રસન્ન રાખે છે. (૬)

धने यत्नं यथा लोको विदधाति दिवानिशम् ।
तथा तु यदि धर्मे स्यात् को दरिद्रो भविष्यति ॥ ७ ॥

જે રીતે માણસ ધન કમાવા માટે રાતદિવસ મહેનત કરે છે, તે રીતે જો ધર્મની બાબતમાં પ્રયત્નશીલ થાય, તો કોણ દરિદ્ર રહેશે ? (૭)

कालस्तु कलिसंज्ञोऽयं कलिमेव करिष्यति ।
भक्तेन सर्वथा भाव्यं सावधानेन धीमता ॥ ८ ॥

આ કલિયુગનો કાલ હોવાથી તે કલિ જ (કલહ) કરાવશે. જ્ઞાની ભક્તએ તેથી સર્વથા સાવધ રહેવું. (૮)

सतां संगः सदा सेव्यः तरङ्गचपलं मनः ।
अन्यथा क्षणमात्रेण दुष्पथे पदमर्पयेत् ॥ ९ ॥

સજ્જનોનો સદા સંગ કરવો. મન પાણીના તરંગો જેવુ ચંચલ છે, જો તેને સત્સંગમાં સાચવવામાં ન આવે તો ક્ષણવારમાં દુષ્પથમાં પ્રવેશ કરે છે. (૯)

रजांसि वातोद्धूतानि नेत्राण्यावृणते नृणाम् ।
रजांसि तद्वच्चेतांसि नृणामावृणते द्रुतम् ॥ १० ॥

પવનથી ઉડતી રજકણો માણસોની આંખોને ઢાંકી દે છે, તેમ રજોગુણ મનુષ્યોના મનને જલ્દીથી આવૃત કરી દે છે. (૧૦)

मनोमरालः सरसि निर्मलाम्भसि वर्धितः ।
अधुना पल्वले तस्य कथं कालो व्यतिक्रमेत् ॥ ११ ॥

નિર્મળ જલના સરોવરમાં ઉછરેલો મનનો હંસ હવે ડહોળા પાણીના ખાબોચિયામાં કેવી રીતે સમય ગુજારશે ? (૧૧)

॥ सुभाषितशतकम् ॥

विद्यारत्नोज्ज्वलद्गात्राः सत्पात्रकरुणाभृतः ।
श्रोतव्या गुरवो नित्यं भक्तिज्ञानविरक्तये ॥ १ ॥

જ્ઞાનરૂપી રત્નોથી જેમનું શરીર અલંકૃત થયેલ છે, સત્પાત્ર ઉપર જેઓ કરૂણા વરસાવે છે. તેવા સદ્ગુરૂઓને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની પ્રાપ્તિ માટે નિત્ય સાંભળવા જોઈએ .

सत्येन राजते चित्तं सत्येन भ्राजते गिरा ।
सत्येन शालते कायः सर्वं सत्येन शोभते ॥ २ ॥

સત્યથી ચિત્ત શોભે છે, સત્યથી વાણી શોભે છે. સત્યથી કાયા શોભે છે, સત્યથી સઘડું શોભે છે. (૨)

तपसा राजते चित्तं तपसा भ्राजते गिरा ।
तपसा शालते कायः सर्वं सत्तपसा शुभम् ॥ ३ ॥

તપથી ચિત્ત શોભે છે, તપથી વાણી શોભે છે. તપથી કાયા શોભે છે, સઘડું સાત્વિક તપથી શોભે છે. (૩)

जीवनोपवने सत्यं शीलं च कुसुमद्वयम् ।
रात्रिन्दिवं वसन्तस्य सौरभ्यं तनुते सताम् ॥ ४ ॥

સત્ય અને શીલ જીવનઉપવનના બે કુસુમ છે, જે રાતદિવસ સજ્જનોને વસન્તની સુગન્ધ આપે છે. (૪)

पाषाणस्तु कठोरोऽपि तुलायामुपयुज्यते ।
न मे क्वाप्युपयोगोऽस्ति पाषाणो माऽतिरिच्यते ॥ ५ ॥

પથ્થર કઠોર છે, તોપણ તેનો ઉપયોગ માપતોલ કરવામાં આવે છે. મારો તો ક્યાંય ઉપયોગ નથી, તેથી મારા કરતા તો પથ્થર પણ શ્રેષ્ઠ છે. (૫)

शासनं यो गुरोर्गहृणन् तथैवाऽनुचरेत् सदा ।
स शिष्यश्चोत्तमो ज्ञेयः स विद्यामधिगच्छति ॥ १८ ॥

જે ગુરુના શાસનને ગ્રહણ કરે અને તે પ્રકારે સદાય અનુસરણ કરે, તે ઉત્તમ શિષ્ય જાણવો. તે શિષ્ય વિદ્યા મેળવી શકે. (૧૮)

छलेन रहिता भक्तिर्भावेन सहिता पुनः ।
यस्य स्यात् गुरुपादाब्जे स शिष्यश्चोत्तमो मतः ॥ १९ ॥

ગુરુના ચરણકમળમાં છલથી રહિત અને ભાવ ભરેલી ભક્તિ હોય તે શિષ્ય ઉત્તમ સમજવો. (૧૯)

भ्रमरस्तु रसज्ञोऽयं कमलं नैव मुञ्चति ।
शिष्योऽयं रससारज्ञो गुरुपादं न मुञ्चति ॥ २० ॥

આ રસજ્ઞ ભ્રમર કમળને છોડતો નથી. તેમ આ રસના સારનો જાણકાર શિષ્ય ગુરુના ચરણકમળને છોડતો નથી. (૨૦)

मेघवत्सद्गुरुं मन्ये विद्यावृष्टिं करोति यः ।
शिष्योऽयं चातको नूनं तदास्वादेन तृप्यति ॥ २१ ॥

સદ્ગુરુને મેઘની સમાન માનું છું, જે વિદ્યાનો વરસાદ વરસાવે છે. આ શિષ્ય ચાતક છે, જે વિદ્યામૃતના આસ્વાદથી તૃપ્તિ પામે છે. (૨૧)

गुरुवाक्यं स्वातिजलं शिष्यात्मा शुक्तिसन्निभः ।
ज्ञानरत्नं अनर्घं तु सत्संयोगेन जायते ॥ २२ ॥

ગુરુનું વચનામૃત સ્વાતિનક્ષત્રમાં વરસતા પાણીની સમાન તથા શિષ્યનો આત્મા-અંતઃકરણ શુદ્ધિ સમાન છે. તે બંનેના ઉત્તમ સંગમથી મહામૂલ્ય જ્ઞાનરત્નનું પ્રાગટ્ય થાય છે. (૨૨)

विद्याफलं विवेको हि सारासारपृथक्कृतिः ।
स निधिः सर्वनिधिषु चोत्तमः कविभिः स्मृतः ॥ २३ ॥

સાર અને અસારનું પૃથક્કરણ કરવા રૂપ વિવેક વિદ્યાનું ફલ છે. સર્વે નિધિઓમાં તે વિવેકનામનો નિધિ કવિઓએ ઉત્તમ માન્યો છે. (૨૩)

विश्वस्तानां न विश्वासः धर्ममार्गच्युता यदि ।
धर्मविश्वासबाह्याश्च धर्माडम्बरदर्शकाः ॥ १२ ॥

ધર્મમાર્ગચ્યુત, ધર્મવિશ્વાસથી બહિર્મુખ અને માત્ર ધર્મનો આડમ્બર કરનાર વ્યક્તિઓ વિશ્વસ્ત હોય તોપણ તેમનો વિશ્વાસ કરી શકાય નહી. (૧૨)

सत्संगस्य फलं सद्यः प्राप्यते सर्वदा स्वतः ।
काकस्य सदृशो लोकः प्राप्नोति पिकरूपताम् ॥ १३ ॥

સત્સંગનુ ફલ સર્વદા તત્કાલ સ્વયં મળે છે. સત્સંગના બળે કાગડા જેવો માણસ કોયલના રૂપને પામે છે. (૧૩)

बकोऽपि जायते हंसो यत्सङ्गेन सुनिश्चितम् ।
तेभ्यः परोपकारिभ्यः सद्भ्यो नित्यं नमो नमः ॥ १४ ॥

જેમના સંગથી સુનિશ્ચિત પણે બગલો પણ હંસ બની જાય, તે પરોપકારી સંતોને નિત્ય નમસ્કાર. (૧૪)

स पिता यस्तु सम्पाति पुत्रं संस्कारदानतः ।
स पुत्रो यः सम्पुनाति स्वकुलं यशसोज्ज्वलम् ॥ १५ ॥

જે પિતા સંસ્કાર આપી પુત્રની સારી રીતની રક્ષા કરે છે, તે જ ખરેખર પિતા છે. અને જે પુત્ર યશથી પોતાના કુળને ઉજ્જવળ બનાવે તે જ ખરો પુત્ર છે. (૧૫)

सा कन्या या कं तनोति स्नेहशीलबलोज्ज्वल ।
लोकयोरुभयोर्मध्ये पितुः पत्युश्च वंशयोः ॥ १६ ॥

જે કન્યા સ્નેહ અને શીલતાના બળથી ઉજ્જવલ પિતા અને પતિના વંશોને આ લોક અને પરલોકમાં નિરંતર સુખ આપે, તે જ કન્યા કહેવાય.(૧૬)

छात्रो भवेच्छत्ररूपो गुरोः श्रममपाहरेत् ।
करोति कष्टं सोढ्वाऽपि सेवामेवानिशं गुरोः ॥ १७ ॥

છાત્ર છત્ર જેવો હોવો જોઈએ, જે ગુરુના શ્રમને દૂર કરે. તે કષ્ટ સહન કરીને પણ સતત ગુરુની સેવા કરે છે. તો જ છાત્ર છાત્ર કહેવાય. (૧૭)

विषादात्तु समुद्धृत्य प्रसादं नयते तु यः ।
सोऽस्माकं भगवान् कृष्णः गीतापीयूषदायकः ॥ ३० ॥

વિષાદમાંથી ઉગારીને (ઉપાડીને) પ્રસાદ પ્રતિ જે પહોંચાડે છે, તે ભગવાન્ શ્રીકૃષ્ણ આપણને ગીતાપીયૂષનું દાન આપનાર છે. ભગવદ્ગીતા મનુષ્યને વિષાદયોગમાંથી મુક્ત કરી પ્રસાદ તરફ લઈ જાય છે. (૩૦)

कृष्णो नाम सदानन्दः परं प्रेममहोदधिः ।
कृष्णो नाम सदा शान्तः दान्तोऽक्लान्तो दयार्णवः ॥ ३१ ॥

કૃષ્ણ એ સદાનન્દ અને પ્રેમનો મહત્તમ મહાસગર અને સદા શાન્ત, દાન્ત, અકલાન્ત એવા કરુણાના સાગર જેવું વિરાટ્ વ્યક્તિત્વ છે. (૩૧)

अभिमानोऽपि महतां विदुषामेव शोभते ।
मृगाणां भयकृद् गर्जन् मृगराजो हि राजते ॥ ३२ ॥

મહાન્ વિદ્વાનોનું અભિમાન પણ શોભે છે. મૃગોને ભયંકર ગર્જતો મૃગરાજ સિંહ ખરેખર શોભે છે. (૩૨)

मदोऽपि महतां नूनं विदुषामेव शोभते ।
मतंगजो हि मदवान् नितरामेव राजते ॥ ३३ ॥

મહાન્ વિદ્વાનોનો મદ પણ શોભા આપનાર હોય છે. જેમ કે મદમસ્ત માતંગ ખૂબ જ શોભાયમાન બની રહે છે. (૩૩)

लङ्काप्रायं तु नगरं नृपोऽपि रावणोपमः ।
प्रजा तु तत्प्रजाप्राया रामराज्यं कथं भवेत् ॥ ३४ ॥

લંકા જેવું નગર અને રાવણ જેવો રાજા હોય તથા પ્રજા પણ રાવણની પ્રજા જેવી હોય ત્યાં રામરાજ્ય કેમ થાય. (૩૪)

मोहान्धं दर्शनं यस्य कामान्धं स्पर्शनं पुनः ।
क्रोधान्धं सर्वदा चक्षुः कथं शान्तिर्भविष्यति ॥ ३५ ॥

જેની દૃષ્ટિ મોહાન્ધ અને સ્પર્શ વળી કામાન્ધ હોય તેમજ આંખ સર્વદા ક્રોધથી આંધળી હોય તેને શાન્તિ ક્યાંથી થશે ? (૩૫)

विद्यायास्तनयो बोध्यो विनयो नाम पावनः ।
पौत्री च पात्रता ज्ञेया प्रपौत्रोऽर्थः प्रकीर्तितः ॥ २४ ॥

વિદ્યાનો પાવન પુત્ર વિનયને જાણવો, તથા વિદ્યાની પૌત્રી પાત્રતાને સમજવી. વિદ્યાનો પ્રપૌત્ર અર્થને કહયો છે. (૨૪)

विद्यां देवीं सेवमानः सत्त्ववृत्तिर्भवेज्जनः ।
न तेन भयभीतेन भाव्यं जगति जातुचित् ॥ २५ ॥

વિદ્યાદેવીની સેવા કરનાર મનુષ્ય સાત્ત્વિક વૃત્તિસંપન્ન બને છે. તેણે જગત્માં ક્યારેય ભયભીત થવું નહી. (૨૫)

विद्यां देवीं उपासीत उदासीन उतार्थतः ।
लभते परमार्थं वै परमानन्दमादरम् ॥ २६ ॥

વાસ્તવિક રીતે ઉદાસીન બની વિદ્યાદેવીની ઉપાસના કરવી જોઇએ. વિદ્યાદેવીની ઉપાસનાથી જ પરમાર્થ પરમ આનન્દ અને પરમ આદર ઉપલબ્ધ થાય છે. (૨૬)

रागद्वेषवतां नृणां पदेन भविता मदः ।
अद्वेषाणामरागाणां पदेन भविता दमः ॥ २७ ॥

રાગ અને દ્વેષથી ભરેલા મનુષ્યોને પદ મળતાં મદ થાય છે. જ્યારે રાગ દ્વેષથી પર થયેલા મનુષ્યોને પદ મળતાં દમ (સંયમ) મળે છે. (૨૭)

प्रयत्नः सर्वदा कार्यो धैर्यं त्याज्यं न कर्हिचित् ।
हिमालयस्य शिखरं प्रयत्नेनाधिरुह्यते ॥ २८ ॥

મનુષ્યએ સર્વદા પ્રયત્ન કરતા રહેવું જોઇએ, ક્યારેય ધીરજ ગુમાવવી ન જોઇએ. પ્રયત્ન કરવાથી હિમાલયના શિખર પર પણ પહોંચી શકાય છે. (૨૮)

प्रयासो रक्षको ज्ञेयः प्रमादो भक्षकः स्मृतः ।
प्रसादो रक्षको ज्ञेयो विषादो भक्षकः स्मृतः ॥ २९ ॥

પ્રયાસ (પ્રયત્ન) મનુષ્યનો વિકાસ કરી રક્ષક બને છે. જ્યારે પ્રમાદ માનવજીવનનો ભક્ષક છે. વિષાદ મનુષ્યને ભરખી જનાર છે. (૨૯)

तरूणां सदृशाः सन्तः सर्वकल्याणकारकाः ।
समग्रं जीवनं येषां परेषामेव शर्मणे ॥ ४२ ॥

સર્વનું કલ્યાણ કરનારા સજ્જનો તરુવર જેવા હોય છે, જેઓનું સમગ્ર જીવન બીજાઓનાં જ સુખ માટે હોય છે. (૪૨)

धन्योऽसि धन्यधन्योऽसि त्वमेव कण्टकद्रुम ।
येन त्वां नोपधर्षन्ति जना येऽभिभवोत्सुकाः ॥ ४३ ॥

હે કાટાંઝાવૃક્ષ ! તું ધન્ય છે, તું ધન્યોમાં પણ ધન્ય છે, કેમકે તારો તિરસ્કાર કરવા ઉત્સુક માણસો કાંટાઓના ભયે તારો તિરસ્કાર કરી શકતા નથી. (૪૩)

वनेषु जातं कुसुमं वने एव विशीर्यते ।
मूढलोके तु कविता सरसाऽपि न काम्यते ॥ ४४ ॥

વનમાં પ્રગટેલું ફૂલ વનમાં જ સુકાય જાય છે. કવિતા સરસ હોય તો પણ મૂઢ લોકોમાં તેનો આદર કરવામાં આવતો નથી. (૪૪)

सौहार्दाय नमस्तस्मै कृष्णस्य परमात्मनः ।
सुदाम्नः श्रीक्षायो नष्टो यक्षश्रीर्येन भाविता ॥ ४५ ॥

પરમાત્મા શ્રીકૃષ્ણના તે સૌહાર્દ-મૈત્રીભાવને નમસ્કાર છે, જેણે સુદામાના શ્રીક્ષયનો નાશ કર્યો અને તેને ઉલટાવીને યક્ષશ્રી બનાવી દીધી. (૪૫)

विजयस्तपसो नूनं निष्कामस्य प्रवर्तते ।
अद्याऽपि ध्रुवबालस्य यशो जगति दृश्यते ॥ ४६ ॥

નિષ્કામ તપનો નક્કી વિજય થાય છે. બાળભક્ત ધ્રુવનો યશ આજે પણ જગતમાં દેખાય છે. (૪૬)

यस्य स्याद् भगवद्भक्तिर्धर्मे यस्य मतिः सदा ।
विजयं सैव लभते यथा राजा युधिष्ठिरः ॥ ४७ ॥

જેને ભગવાનની ભક્તિ છે, જેની સર્વદા ધર્મમાં મતિ છે, તેને જ વિજય મળે છે. જેમ કે રાજા ધર્મરાજ યુધિષ્ઠિરને વિજય મળે છે. (૪૭)

कामाक्रान्तं मनो यस्य क्रोधाक्रान्तं च दर्शनम् ।
लोभाक्रान्तानि कर्माणि मूढः शान्ति कथं व्रजेत् ॥ ३६ ॥

જેનું મન કામથી આક્રાન્ત, દર્શન ક્રોધથી આક્રાન્ત અને કાર્યો લોભથી આક્રાન્ત હોય તેવા મૂઢને શાન્તિ કેમ મળે ? (૩૬)

यत्र यत्र भवेद्भानुः ध्रुवं तत्र भवेद् द्युतिः ।
यत्र यत्र च सद्विद्या विनयस्तत्र वै ध्रुवम् ॥ ३७ ॥

જ્યાં જ્યાં સૂર્ય હોય ત્યાં ત્યાં નક્કી દ્યુતિપ્રકાશ હોય છે. જ્યાં જ્યાં સદ્‌વિદ્યા હોય ત્યાં ત્યાં નિશ્ચિતપણે વિનય હોય છે. (૩૭)

फलेन नम्रता यद्वत्तरुणां करुणाभृताम् ।
सद्विद्यानां मानवानां तद्वद् भवति नम्रता ॥ ३८ ॥

જેવી રીતે કરુણાથી ભરેલાં વૃક્ષો ફળ આવતાં નમી પડે છે, તેમ સદ્‌વિદ્યા સમ્પન્ન મનુષ્યોને વિદ્યા આવતાં નમ્રતા મળે છે. (૩૮)

यथा जलं समुद्रस्य नोपभोग्यं तरङ्गिणः ।
तथा धनं समुद्रस्य कृपणस्य तरङ्गिणः ॥ ३९ ॥

જેમ તરંગી (તરંગવાળા) સમુદ્રના જલનો ઉપભોગ થઈ શકતો નથી તેમ તરંગી અને લોભી મુઠી ન ખોલનાર લોભિયાનું ધન પણ ઉપભોગ વગરનું પડી રહે છે. (૩૯)

वृक्षो वृश्चति सन्तापं पान्थानां पथि सम्भवम् ।
सन्तो निघ्नन्ति सन्तापं भव्यानां भवसम्भवम् ॥ ४० ॥

વૃક્ષ માર્ગમાં ચાલવાથી થાકેલા પથિકના માર્ગશ્રમને મટાડે છે. સન્તો ભાવિકોને ભવસાગરમાં થતા સન્તાપને સમૂળ હણે છે. (૪૦)

तरूणां सफला सम्पत् पत्र-पुष्प-फलादिका ।
सर्वेषामेव भूतानां साधारण्येन शर्मणे ॥ ४१ ॥

વૃક્ષોની પત્ર-પુષ્પ-ફલ આદિ સકલ સંપદા સમાન પણે સર્વ પ્રાણીઓનાં સુખ માટે જ હોય છે. (૪૧)

पदेन तु मदं कुर्वन् मदोन्मत्तो मतो हि नः ।
पदेन स्वदमं कुर्वन् मदमुक्तोऽतिशोभते ॥ ५४ ॥

પદથી મદ કરે તેને તો અમે મદોન્મત્ત (પાગલ-ગાંડો) માન્યો છે. પદ મળ્યા પછી પોતાની જાતનું દમન કરનાર મદમુક્ત વ્યક્તિ અતિશય શોભાયમાન બની રહે છે. (૫૪)

वर्षायां जायते नूनं पल्वलं तु मलीमसम् ।
बृहत्सरस्तु विमलं विमलम् एव राजते ॥ ५५ ॥

વર્ષાકાળમાં નાના તળાવડાં- અને ખાબોચિયાંઓ નક્કી મેલાં થાય જ પરંતુ નિર્મલ જલના મોટા સરોવરો તો નિર્મલ જ રહી શોભતાં હોય છે. (૫૫)

दिनस्यानन्तरं रात्री रात्रेश्चानन्तरं दिनम् ।
सुखस्यानन्तरं दुःखं दुःखस्यानन्तरं सुखम् ॥ ५६ ॥

દિવસની પાછળ રાત અને રાતની પાછળ દિવસ આવે છે તેમ સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ આવે છે. (૫૬)

उष्ट्रस्य कण्टके प्रीतिः विष्ठायां वायसस्य च ।
उत्करे रासभस्यैवं खलस्य खलसङ्गमे ॥ ५७ ॥

ઉંટને કાંટામાં પ્રીતિ હોય છે, કાગડાને વિષ્ઠામાં અને ગધેડાને ઉકરડામાં પ્રીતિ હોય છે, તેમ દુર્જનને દુર્જનનાં સંગમાં પ્રીતિ હોય છે. (૫૭)

चन्द्रवत्सकलं ज्ञेयं सुखं संसारिकं नरैः ।
सूर्यवत्सकलं ज्ञेयं सुखं चाध्यात्मिकं जनैः ॥ ५८ ॥

સંસારનું સઘડું સુખ માણસોએ ચંદ્રની જેવું જાણવું તથા આધ્યાત્મિક સુખ સઘડું સૂર્યની જેમ જાણવું. અર્થાત્ ચંદ્રની વૃદ્ધિ અને ક્ષય થાય છે પરંતુ સૂર્યનો હ્રાસ થતો નથી. (૫૮)

ऋतूनां तु यथा चक्रं नियमात्परिवर्तते ।
सुखदुःखाभिधं चक्रं तथैव परिवर्तते ॥ ५९ ॥

ઋતુઓનું ચક્ર નિયમિત ફર્યા કરે છે. તેમ સુખ અને દુઃખનું ચક્ર પણ હંમેશા ફરતું રહે છે. સુખ પછી દુઃખ અને દુઃખની પાછળ સુખ આવે છે. (૫૯)

जीवस्य न बलं किञ्चित् बलं सर्वं हरेर्मतम् ।
यद्विना विजयो जातः शत्रुभिर्विपराजितः ॥ ४८ ॥

જીવની પાસે જે બળ છે, તે બળ જીવનું નથી પરંતુ સઘળ બળ હરિનું જ માનવામાં આવ્યું છે. હરિના સહારા વિના વિજય- અર્જુનનો શત્રુઓએ પરાભવ કર્યો. (૪૮)

यच्च दुःखं भवेद्भाग्ये तद्भोक्तव्यं न संशयः ।
सहदेवस्तु दैवज्ञः पाण्डवान् किं व्यजिज्ञपत् ॥ ४९ ॥

જે દુઃખ ભાગ્યમાં મંડાયેલુ છે તે દુઃખ ભોગવવું જ રહયું તેમાં કંઈજ સંશય નથી સહદેવ ભાગ્યનો જાણકાર દૈવજ્ઞ હોવા છતાં તેણે પાંડવોને શું જણાવ્યું ? (૪૯)

यशोऽर्थं यतते लोकः धनार्थं चाऽपि सर्वथा ।
पुत्रार्थं चाऽपि जगति तत्राश्चर्यं न वर्तते ॥ ५० ॥

લોકો યશ માટે મહેનત કરે, ધન માટે સર્વથા પ્રયત્ન કરે કે પુત્ર માટે જગતમાં પ્રયત્ન કરતો દેખાય તેમાં આશ્ચર્ય નથી. (૫૦)

अर्थार्थं यतते लोकस्तत्राश्चर्यं न किञ्चन ।
अनर्थमार्गमाश्रित्य तत्राश्चर्यं हि वर्तते ॥ ५१ ॥

અર્થને માટે માણસ પ્રયત્ન કરે તેમાં કંઈ આશ્ચર્ય નથી પણ અનર્થ-માર્ગનો આશ્રય કરીને અર્થ મેળવવા પ્રયત્ન કરે તેમાં ખરેખર આશ્ચર્ય જ કહેવાય. (૫૧)

यशोऽर्थं यतते कश्चित्तत्राश्चर्यं न किञ्चन ।
परेभ्योऽपयशो दद्यात्तत्राश्चर्यं हि वर्तते ॥ ५२ ॥

કોઈ માણસ યશ માટે પ્રયત્ન કરે, તેમાં શું આશ્ચર્ય પરંતુ બીજાને અપયશ આપીને યશ મેળવવા મથે તેમાં તો ખરેખર આશ્ચર્ય કહેવાય. (૫૨)

पदार्थं यतते कश्चित्तत्राश्चर्यं न किञ्चन ।
पदार्थेन पदं प्रेप्सेत् तत्राश्चर्यं हि वर्तते ॥ ५३ ॥

પદ મેળવવા કોઈ પ્રયત્ન કરે, તેમાં કંઈ આશ્ચર્ય નથી પણ પદાર્થ આપીને પદ મેળવવા ઈચ્છે તેમાં આશ્ચર્ય કહેવાય. (૫૩)

कुमित्रं तु त्यजेत्सद्यः प्राज्ञो दुर्भावसम्भृतम् ।
अल्पं तदात्वे दुःखं स्यादन्यथा महदायतौ ॥ ६६ ॥

પ્રાજ્ઞ પુરૂષે દુર્ભાવથી ભરેલા કુમિત્રનો ત્યાગ કરવો જોઈએ. આવા કુમિત્રને છોડવામાં તે સમયે થોડું દુઃખ થાય પણ અન્યથા પરિણામમાં ઘણું દુઃખ ભોગવવું પડે. (૬૬)

मित्रं तत् यो हितं पश्येत् मित्रं तत् यो हितं वदेत् ।
अहितस्य तु कर्ता यस्तन्मित्रं नैव भण्यते ॥ ६७ ॥

મિત્ર તેને કહેવાય જે હિત જોય અને હિતની વાત કરે. જે અહિત કરે તેના માટે મિત્ર શબ્દ જ ન કહેવાય. (૬૭)

मित्रं छत्रेण सदृशं उत्तमं परिकीर्त्यते ।
तापं सोढ्वा स्वयं नित्यं छायामन्यस्य वर्धयेत् ॥ ६८ ॥

મિત્ર છત્ર જેવો હોય તે ઉત્તમ ગણાય જે પોતે તડકો સહન કરીને અન્યને નિત્ય છાયા આપે . (૬૮)

सन्मित्रं सर्वदा ज्ञेयं चन्दनेन समं भुवि ।
स्वात्मानं प्रविलोप्याऽपि शैत्यं सन्तनुतेतराम् ॥ ६९ ॥

સન્મિત્ર સર્વદા ચંદનની સમાન જાણવો જે પોતાની જાતને ઘસીને બીજા ને શીતલતા આપે છે. (૬૯)

मित्रं तु सूर्यसदृशं भाव्यं नेन्दुसमं क्वचित् ।
वर्धते क्षीयते नित्यं कलेव प्रेम यस्य ह ॥ ७० ॥

મિત્ર સૂર્યના જેવો હોય જેની મૈંત્રી હંમેશા એકરૂપ રહે, નહિ કે ચંદ્રની જેવો કે જેનો સ્નેહ ચંદ્રની કળાની માફક વધે અને ઘટે. (૭૦)

पापं भयं जनयते मानसी वेदना ततः ।
अभयमिच्छता हेयं पापं यत्नेन धीमता ॥ ७१ ॥

પાપ ભયને જન્માવે છે અને તેનાથી માનસિક વેદના થાય છે. અભય ઈચ્છતા બુદ્ધિશાળી માણસે યત્નપૂર્વક પાપ છોડવું જોઈએ. (૭૧)

पुण्यं सुखं जनयते मानसीं च प्रसन्नताम् ।
ततः सुखार्थिना सेव्यं पुण्यं यत्नेन धीमता ॥ ७२ ॥

પુણ્ય સુખ એ માનસીક પ્રસન્નતાને જન્માવે છે, તેથી સુખ ઈચ્છતા બુદ્ધિશાળી માણસે યત્નપૂર્વક પુણ્ય-ધર્મનું આચરણ કરવું જોઈએ. (૭૨)

आरम्भेऽल्पं कदाचित् स्यात् सुखं पापेन कर्मणा ।
अधिकञ्च भवेद् दुःखं परिणामे न संशयः ॥ ७३ ॥

પાપકર્મથી શરૂઆતમાં કદાચ થોડું સુખ મળે પણ પરિણામે અધિક દુઃખ થાય છે, એમાં સંશય નથી. (૭૩)

यत्कृत्वा स्यान्मनः शुद्धं निर्भयं निर्मलं कलम् ।
तदेव कर्म संसेव्यं तेन सौख्यं निरन्तरम् ॥ ७४ ॥

જે કર્મ કર્યા પછી મન શુદ્ધિ નિર્ભય, નિર્મલ, સુંદર થાય તેવું જ કર્મ સેવવું જોઈએ. તે કર્મથી જ નિરત્નર સુખ મળે છે. (૭૪)

कृते कर्मणि यस्मिन् स्यादात्मनः सम्प्रसन्नता ।
तत्कर्म पावनं धर्म्यं सेव्यं सत्यं सुधीमता ॥ ७५ ॥

જે કર્મ કરતાં આત્માની અન્તઃકરણની ખૂબ જ પ્રસન્નતા થાય તે કર્મ ધાર્મિક અને પવિત્ર સમજવું. સુધી પુરૂષે તેનું જ યથાર્થ સેવન કરવું જોઈએ. (૭૫)

यत्कृत्वा लज्जते लोके यत्कृत्वा खेद आत्मनः ।
यत्कृत्वा च भयं चित्ते तन्न कार्यं कदाचन ॥ ७६ ॥

જે કર્મ કર્યા પછી જગતમાં લજ્જિત થવું પડે, અન્તઃકરણમાં ખેદની લાગણી થાય અને મનમાં ભય-ડર રહયા કરે તે કર્મ ક્યારેય ન કરવું જોઈએ. (૭૬)

कलावस्मिन्नर्थयुगे धनिकानां समादरः ।
विद्या मान्यतमं स्थानं मनुनाऽभिहितं कृते ॥ ७७ ॥

આ અર્થપ્રધાન કળિયુગમાં ધનિકોનો આદર વધારે થાય છે. વિદ્યા સૌથી પ્રધાન માન્યસ્થાન છે તેવું સત્યયુગમાં મનુએ કહયું છે. (૭૭)

यथाऽऽदरो धनवतां यथा च बलशालिनाम् ।
यथा च कूटनीतीनां न तथा विदुषामिह ॥ ७८ ॥

જે પ્રકારે-જેવો ધનવાન, બલવાન અને કૂટનીતિવાનોનો આદર થાય છે તેટલો અત્યારે વિદ્વાનોનો આદર નથી થતો.(૭૮)

सन्मार्गस्याश्रयः कार्यः पर्यन्तसुखदायकः ।
असन्मार्गस्तु सन्त्याज्यः पर्यन्तपरितापकः ॥ ७९ ॥

પરિણામમાં સુખદાયી સન્માર્ગનો આશ્રય કરવો જોઇએ. પરિણામમાં પરિતાપ આપનાર અસન્માર્ગનો સદા ત્યાગ કરવો જોઇએ.(૭૯)

पुष्पाणां सङ्गतिः कार्या येन सौरभ्यमाप्यते ।
कर्दमस्य न वै कार्या यतो दुर्गन्धता भवेत् ॥ ८० ॥

પુષ્પોનો સંગ કરવો જોઇએ કેમ કે તેનાથી સુગન્ધ મળે છે પરંતુ કાદવનો સંગ ન કરવો જોઇએ કેમ કે તેનાથી દુર્ગન્ધ મળે છે.(૮૦)

लोकेऽस्मिन् सज्जनैः सङ्गः सर्वथोन्नतिकारकः ।
सङ्गस्तु सज्जनाभासैः सर्वथोन्नतिवारकः ॥ ८१ ॥

સજ્જનો સાથે નો સંગ આ જગતમાં સર્વ પ્રકારની ઉન્નતિ કરનાર છે પરંતુ સજ્જન જેવા દેખાતા પણ ખરેખર સજ્જન ન હોય તેવા સજ્જનાભાસ વ્યક્તિઓ સાથેનો સંગ સર્વથા ઉન્નતિનો અવરોધક છે.(૮૧)

कण्टकानां यथा सङ्गादङ्गेषु वेदना भवेत् ।
दुर्जनानां तथा सङ्गात् वेदना मानसे भवेत् ॥ ८२ ॥

કાંટાઓના સંગથી અંગમાં વેદના થાય તેવી રીતે દુર્જનોના સંગથી મનમાં વેદના થાય છે. (૮૨)

चन्दनस्य यथा सङ्गात् सर्वांगं शीतलं भवेत् ।
सज्जनस्य तथा सङ्गात् मानसं शीतलं भवेत् ॥ ८३ ॥

ચન્દનના સંગથી સર્વ અંગો શીતળ થાય તેમ સજ્જનના સંગથી મન શીતળ થાય છે.(૮૩)

गङ्गा तु हरते तापं नृणां शीतेन वारिणा ।
सन्तो हरन्ति संतापं नृणां वचनवारिणा ॥ ८४ ॥

શીતળ જળથી ગંગા મનુષ્યોના તાપને હરે છે, તેમ વચનરૂપી અમૃતજલથી સન્તો મનુષ્યોના સંતાપને હરે છે.(૮૪)

विद्वांसस्तु वसन्त्यत्र मानामानविवर्जिताः ।
उदासीना लोकहेतौ अलौकिकसुखे रताः ॥ ८५ ॥

વિદ્વાનો જ્ઞાનીઓ તો આ જગતમાં માન અપમાનથી પર લૌકિક સુખમાં ઉદાસીન અને અલૌકિક સુખમાં રમમાણ થઈ રહે છે. (૮૫)

विद्वांसस्तु वसन्त्यत्र वसन्तचरिताः सदा ।
स्वयं सद्गुणसत्पुष्पाः तन्वन्तः सुरभिं भुवि ॥ ८६ ॥

વિદ્વાનો સદા વસન્તઋતુના જેવા સ્વભાવના હોય છે જે સ્વયં સદ્ગુણના સુંદર પુષ્પો સભર બની જગતમાં સુગન્ધ પ્રસરાવે છે. (૮૬)

ऐश्वर्येण मदोन्मत्तः सत्पथं लङ्घयेज्जनः ।
यथेन्द्रः कुरुते स्वर्गे गुर्ववज्ञां गुरून्मदः ॥ ८७ ॥

ઐશ્વર્યના મદથી ઉન્મત માણસ સદાચારના પંથને ઉલ્લંઘે છે, જેમ મોટા મદવાળો ઈન્દ્ર સ્વર્ગમાં દેવગુરુ બૃહસ્પતિની અવજ્ઞા કરે છે. (૮૭)

समुद्रे न तरङ्गाणां जातु शान्तिर्भविष्यति ।
संसारे नैव बाधानां जातु शान्तिर्भविष्यति ॥ ८८ ॥

સમુદ્રમાં ક્યારેય તરંગો શાન્ત થતા નથી અને સંસારમાં ક્યારેય સુખદુઃખ આદિ દ્વન્દ્વોની બાધા પીડા શાન્ત થતી નથી. (૮૮)

नागाधमप्यम्बुनिधेस्तृष्णां पूरयते जलम् ।
कृपणस्य धनं तृष्णां याचकस्य न पूरयेत् ॥ ८९ ॥

સમુદ્રનું જલ અગાધ હોવાં છતાં તરસ્યા માણસની તરસ છીપાવી શકતું નથી. કૃપણનું ધન યાચકની તૃષ્ણા પૂરી કરી શકતું નથી. (૮૯)

सन्तो जयन्ति लोकेऽस्मिन् सर्वसङ्गविवर्जिताः ।
जले स्थितान्यपि सदा निर्लिप्तान्यम्बुजानि यत् ॥ ९० ॥

સર્વ સંગ-આસક્તિ વર્જિત સન્તો આ જગતમાં જય-ઉત્કર્ષ પામે છે. કમળ સદાય પાણીમાં રહે છે, છતાં પણ નિર્લિપ્ત હોય છે. (૯૦)

कमलस्य विकासस्तु यथा सूर्येण जायते ।
वैराग्यस्य विकासस्तु तथा ज्ञानेन जायते ॥ ९१ ॥

જેમ કમળનો વિકાસ સૂર્યના પ્રકાશથી થાય છે. તેમ જ્ઞાનના પ્રકાશથી વૈરાગ્યના કમળનો વિકાસ થાય છે. (૯૧)

वक्तव्यं सर्वदा सत्यं येन चित्तं प्रसीदति ।
असत्यं नैव वक्तव्यं येन चेखिद्यते मनः ॥ ९२ ॥

સર્વદા સત્ય બોલવું જેથી ચિત્ત પ્રસન્ન રહે છે. અસત્ય ન જ બોલવું જેથી મનમાં વારંવાર ખેદ જન્મે. (૯૨)

कालो वृथा न हातव्यः कर्तव्यं कर्म सर्वथा ।
पिपीलिकाऽपि शिखरं अद्रेरारोहते शनैः ॥ ९३ ॥

સમય વ્યર્થ ન વિતાવવો સર્વથા કર્મનું આચરણ કરતાં રહેવું જોઇએ. ધીમે ધીમે પણ ચાલતી કીડી પર્વતના શિખર ઉપર ચઢે છે. (૯૩)

कूर्मो निरन्तरं गच्छन् प्राप्यं स्थानं प्रयाति हि ।
शशस्तु स्वप्नशीलोऽयं कूर्मं जेगीयते नहि ॥ ९४ ॥

નિરન્તર ચાલતો કાચબો ગન્તવ્ય સ્થાને પહોંચે જ છે. પરંતુ આળસુ બની પડી રહેતું સસલું કાચબાને જીતતું નથી. (૯૪)

प्रयत्नेन लभेद् विद्यां प्रयत्नेन लभेद् धनम् ।
प्रयत्नेन जयेन्मित्रं प्रयत्नेन रिपुञ्जयेत् ॥ ९५ ॥

પ્રયત્નથી વિદ્યા મળે, પ્રયત્નથી ધન મળે, પ્રયત્નથી મિત્રને જીતાય અને પ્રયત્નથી શત્રુને જીતાય. (૯૫)

प्रमादेन हता विद्या प्रमादेन हतं धनम् ।
प्रमादेन हता कीर्तिः प्रमादेन हता मतिः ॥ ९६ ॥

પ્રમાદથી વિદ્યા હણાય, પ્રમાદથી ધન હણાય, પ્રમાદથી કીર્તિ હણાય અને પ્રમાદથી બુદ્ધિ હણાય. (૯૬)

प्रसन्नं मानसं सत्वात् प्रसन्ना च गिरा तथा ।
प्रसन्नानि च कर्माणि तस्मात् सत्वं समाश्रयेत् ॥ ९७ ॥

સત્ત્વથી મન પ્રસન્ન થાય, સત્ત્વથી વાણી નિર્મળ થાય, સત્ત્વથી કર્મો શુદ્ધ થાય તેથી સત્ત્વગુણનો આશ્રય કરવો. (૯૭)

विषण्णं रजसा चित्तं विषण्णं रजसा वचः ।
विषण्णं रजसा कर्म तस्माज्जह्याद्रजोऽधिकम् ॥ ९८ ॥

રજોગુણના અતિરેકથી ચિત્ત વિષાદ પામે, રજોગુણથી વાણી વિષાદવાળી થાય, રજોગુણથી કર્મો વિષાદપૂર્ણ બને તેથી અધિક રજોગુણનો ત્યાગ કરવો. (૯૮)

जिह्वास्वादं त्यजेत्प्राज्ञो जिह्वावादं परित्यजेत् ।
संवादं साधयेत् सर्वैः संवादे वसते सुखम् ॥ ९९ ॥

જિહ્વાનો સ્વાદ અને વાદ પ્રાજ્ઞપુરુષે તજવો જોઈએ સર્વની સાથે વાદ છોડી સંવાદ સાધવો કેમ કે સુખ સંવાદમાં વસે છે. (૯૯)

रामो नाम सुसंवादः रामराज्यं ततोऽभवत् ।
भरतेन समं रामः संवादं कृतवान् विभुः ॥ १०० ॥

રામ એટલે સુંદર સંવાદનું મૂર્ત સ્વરૂપ તેથી (સંવાદથી) જ રામરાજ્ય થયું. પ્રભુ શ્રીરામે ભરત સાથે સંવાદ કર્યો તેથી રામરાજ્ય સ્થપાયું. (૧૦૦)

विभीषणेन च समं विवादो रावणस्य यत् ।
जातं तेन महद् दुःखं लङ्कायां बुधगर्हितम् ॥ १०१ ॥

રાવણનો વિભીષણ સાથે વિવાદ થયો તેથી લંકામાં ડાહ્યા માણસોને ન ગમે તેવું મોટું દુઃખ થયું. (૧૦૧)

संवादमेव संवादं सदाऽऽश्रयत सज्जनाः ।
विवादं विषवादं तु सुधियस्त्यजताऽशुभं ॥ १०२ ॥

હે સજ્જનો ! સદાય સંવાદથી જ સંવાદનો આશ્રય કરો હે સુધીજનો વિવાદ વિષવાદ (વિખવાદ) ઝેર સમાન છે, જલ્દીથી તેને છોડો. (૧૦૨)

।। इत्याचार्य पण्ड्या नरेन्द्रकुमार शर्मरचितं सुभाषितशतकम् ।।

ISBN - 13 - 078-81-925721-8-5

Shree Somnath Sanskrit University - Veraval.
Veraval- 362 266, Dist : Junagadh (Guj.) India
Phone : 02876 - 244528, 29, 32 Fax : 244417
e-mail : sssu.veraval@gmail.com,
www.shreesomnathsanskrituniversity.info